# –: અલ્લાહની ઈનાયત અને સઝા :–

મૌલાના મૂસા કલીમુલ્લાહ (અ.સ.) ના વસી હ.યૂશાઅ બિન નૂન (અ.સ.) ના વકતમાં બલ્અમ બિન બાઉર નામનો શખ્સ હતો, જે પોતાની દીનદારી, ઈબાદતગુઝારી અને પરહેઝગારીના સબબ ખુદાતઆલાની નઝરમાં ઘણો મેહબૂબ અને પસંદીદાહ હતો. તેની ઈઝઝત એ હદ તક હતી કે, ખુદાતઆલા કોઈ વક્ત તેની દોઆ ને રદ કરતા ન હતા. તે વક્તે બાલક બાદશાહની હુકૂમત હતી, જે ઘણો સંગદિલ, બધ્દીન અને ઝાલિમ હતો. લોગો પર બેઈન્તેહા ઝુલ્મો સિતમ કરતો અને બુતપરસ્તી કરવા પર મજબૂર કરતો હતો. બાદશાહના આ મુજબના ઝાલિમાના તરીકાથી લોગો બેબસ અને લાચાર હતા; હર વક્ત ખૌફ અને ડરના આલમમાં ઝિંદગી ગુઝારતા હતા.

અલ્લાહતઆલા તરફથી હ.યૂશાઅ ને હુકમ થયો કે બાલક બાદશાહને અલ્લાહના દીન તરફ દાઅવત કરે; તેને અલ્લાહની વહદાનીયત અને સિરાતે મુસ્તકીમની માઅરેફત કરાવે; તેને અલ્લાહની અને તેના રસૂલની તાઅતનું ફરમાન કરે. હ.યૂશાઅ એ આ ઈલાહી હુકમને બજા લાવો પણ બાદશાહ તેના કુફ્ર પર સાબિત રહ્યો અને હ.યૂશાઅની દાઅવતથી ઈન્કાર કીધો અને હુકમ કીધો કે હ.યૂશાઅ તેની હુકૂમતની હદથી બાહર ચાલા જાય. હ.યૂશાઅ (અ.સ.) મુમેનીનને લઈને હુકૂમતની સરહદથી નીકલી ગયા અને તે બાદશાહ એ હ.યૂશાઅ સાથે જંગ કરવાનું મન બનાવું. હ.યૂશાઅ ને ખબર મીલી કે બાદશાહની નિય્યત જંગ કરવાની છે અને તે એમ કહે છે કે જે જંગમાં જીતે તેનું દીન સાચું છે અને તે આ સલ્તનતનો સુલ્તાન બને. આ ખબરથી હ.યૂશાઅ એ આપના મુખ્તસર તાબેદારોને જંગ વાસ્તે તૈયાર કીધા.

જંગ ઈબ્તેદા થઈ તે પહેલા બાદશાહએ બલ્અમને પોતાના દરબારમાં તલબ કીધો અને કહ્યું કે, તું તારા રબને નઝદીક દોઆ કર કે, જંગમાં મારી ફત્હ થાય અને હું હ.યૂશાઅ ને શિકસ્ત આપી શકું. બાદશાહની અરઝ મુજબ બલ્અમ એ દોઆ કીધી, દોઆ મુસ્તજાબ થઈ અને હ.યૂશાઅની હાર થાવા લાગી, આપના સાથીદારો શહીદ થાવા લાગા. આ જોઈને હ.યૂશાઅ એ બારગાહે ઈલાહીમાં શિકાયત કીધી કે, "અય મારા પરવરદિગાર ! હું તારા ફરમાન થી તારા દીનની તબ્લીગ વાસ્તે જેહાદ કરૂં છું, તારા ઈમાનથી રૂગરદાની કરનાર સાથે જંગ કરૂં છું તેના બાવુજૂદ મારી હાર થાય છે?" તે બાદ ગૈબી નિદા આવી કે, "અય યૂશાઅ ! તમારે ખિલાફ બલ્અમ નામનો એક પરહૈઝગાર શખ્સ દોઆ કરી રહ્યો છે જે કુબૂલ થઈ રહી છે અને તમેં જંગમાં હારી રહ્યા છો." હ.યૂશાઅ એ બલ્અમ વાસ્તે બધ્દોઆ કીધી કે, "અય પરવરદિગાર ! તું બલ્અમની પરહૈઝગારીનો સવાબ રદ કરી દે અને તેની દોઆને બેઅસર કરી દે." આ કલામના સબબ બલ્અમ રેહમતે ઈલાહીના દાએરામાંથી નીકલી ગયો અને એક આમ ઈન્સાનમાં તેનો શુમાર થઈ ગયો. હ.યૂશાઅ જંગમાં જીતી ગયા અને સલ્તનતનો પૂરો કબ્ઝો આપના ઝેરે દસ્ત આવી ગયો. લોગો કાફિર બાદશાહની ઝુલ્મની ઝંજીરોથી આઝાદ થયા અને સાયએ રેહમતે ખુદાવંદીની પનાહમાં આવી ગયા.

બીજી તરફ બલ્અમની વરસોની પરહેઝગારીના સબબ ખુદાતઆલાની નઝરે ઈનાયત તેના પર થઈ અને તેને ત્રણ મૌકા આપવામાં આવા જેમાં તેની દોઆ કુબૂલ થાશે એ મીઆદ આપવામાં આવો. આ વાતની ખબર તેને બૈરો ને કીધી. તેના બૈરો ઝિદ કરવા લાગા કે, તમે ખુદાતઆલાથી મારી ખૂબસૂરતી તલબ કરો જેથી હું જમાલ અને રૂપમાં તમામ બીજા બૈરો કરતા આઅલા અને બરતર થઈ જાઉં. બલ્અમની દોઆથી તે બૈરો ઘણા ખૂબસૂરત થઈ ગયા. અને બલ્અમ ખુદ તેની ખૂબસૂરતી પર ફખર કરવા લાગો. તે બૈરો શહેરમાં એટલી મશ્હૂર થઈ ગઈ કે બીજા કબીલાઓના સરદારોની નઝરે બદ તેના પર થઈ. દૌલત અને શોહરતની લાલચમાં તે બલ્અમને નઝરઅંદાઝ કરવા લાગી અને અમીરો સાથે બદકારી અને ઝિનાખોરી કરવા લાગી. બલ્અમથી પોતાની બૈરોની બેવફાઈ બરદાશત ન થઈ અને તેને બધ્દોઆ કીધી કે, "અય ખુદાતઆલા ! તું મારી આ બદકાર બૈરોને કૂતરીની શિકલમાં કરી દે." ફૌરન તે બૈરોની સૂરત કૂતરી જેમ થઈ ગઈ અને તે આ સઝાથી નજાત વાસ્તે બલ્અમ ના ઘરની દેહલીઝ પર મુસલસિલ દિન-રાત રોવા લાગી અને કાલાવાલા કરવા લાગી. તેના ફરઝંદોને તેની માઁ ની આ હાલત પર રહેમ આવો અને પોતાના બાવાજી બલ્અમને કહ્યું કે, તેની માઁ ને દોબારહ અસ્લી સૂરત પર લાવી દે.

બલ્અમએ આખિરકાર ખુદાતઆલા નઝદીક પોતાની બૈરોને અસ્લી સૂરત પર લાવવાની દોઆ કીધી અને નતીજતન તેની બૈરો પહેલા જેવી શિક્લો શમાઈલ પર આવી ગઈ. આ તરહ બલ્અમએ ખુદાતઆલા તરફથી ઈનાયત થયેલા ત્રણે મૌકાઓ પોતાની બૈરોની નાદાની અને ખોટી ઝિદ તથા નારવાઁ ખ્વાહિશોના સબબ ઝાયેઅ કરી દીધા. લેહાઝા બલ્અમ તેના બૈરોના સબબ દુનિયામાં ઝલીલ-ખ્વાર થયો અને હ.યૂશાઅ (અ.સ.)ને ખિલાફ દોઆ કરવા બદલ આખેરતમાં પણ અઝાબનો હક્કદાર થયો. આ કિસ્સો હમને એ સબક આપે છે કે, અલ્લાહતઆલા હમને હમારી ઝિંદગીમાં એવા સુનેહરા અવસર આપે છે જેની એહમીયતને સમઝીને હમેં સહીહ વક્ત પર તેનાથી ફાયદો હાસિલ કરી લઈએ તો આ ચીઝ હમારા મુસ્તકબિલને રોશન બનાવી શકે છે. જેની ઈન્તેહા બેહતર છે તેની તમામ ચીઝ બેહતર છે, યાઅની હમારી દોઆ એ જ હોવી જોઈએ કે, અલ્લાહતઆલા હમારી ઝિંદગીની ઈન્તેહા અહલે બૈતે રસૂલ (સ.અ.વ.વ.) ની મોહબ્બત પર થાય અને દાઈઝઝમાન (ત.ઉ.શ.) ની ખિદમત પર હમારો ખાતેમો થાય જેથી હમને ઝિંદગીના હર મહાઝ અને ગોશામાં ઝફરયાબીનો સેહરો હાસિલ થાય. ★